તમારા ચહેરા પરના ડાઘની ખાસ કોઇ ચિંતા ન કરો પણ હૃદય પર પડેલો ડાઘ દૂર કરવા ત્વરિત ઉપાય કરો
- લોંગ ફેલો

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૯૪ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૨, રવિવાર; નિજ ભાદરવા સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







(તસવીર : દિપક જાની)

હાલોને અંબાજી ધામ - શ્રાવણ, ભાદરવો અને આસો મહિનો એટલે ધાર્મિક ઉત્સવોનો મહિનો.... ભારદવી પૂનમ એટલે મા-આદ્યશક્તિ જગદંબાની આરાધનાનો અનેરો અવસર... શ્રદ્ધાળુઓ ઠેર ઠેરથી અંબાજીધામ ખાતે મા-આદ્યશક્તિની આરાધના કરવા પગપાળા ગાંધીનગરથી પસાર થયા ત્યારે અનેરો ઉત્સાહ અને ઉમળકો જોવા મળતો હતો.

# મોડી સાંજે ગાજવીજ સાથે વરસાદ

## ત્રણ દિવસ ભારે ગરમી બાદ પવનના સુસવાટા સાથે વરસાદ આવતા વાતાવરણમાં પલ્ટો

ગાંધીનગર, તા. ૨૨

હવામાન ખાતાએ ૨૩મીએ ગુજરાતમાંથી ચોમાસુ વિદાય લેશે તેવી કરેલી જાહેરાત પછી આજે સાંજે ભારે ગરમી બાદ મોડી સાંજે પવનના સુસવાટાઓ સાથે વરસાદ આવતાં વાતાવરણમાં પલ્ટો નોંધાયો છે.

છેલ્લા બે દિવસથી ભારે ઉકળાટનું વાતાવરણ જોવા મળતુ હતુ ત્યાં આજે સાંજે ગાંધીનગર શહેરમાં વરસાદનુ હળવુ ઝાપટુ નોંધાયુ હતુ જયારે શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સતત અર્ધા કલાક સુધી સારા પ્રમાણમાં વરસાદ નોંધાયાનું જાણવા મળેલ છે.

ચિલોડાથી મળતા અહેવાલો પ્રમાણે આજે સાંજે થયેલો વરસાદ સતત અર્ધાકલાક સુધી ચાલ્યો હતો અને તેને કાણે પાકને નુકશાન થવા પામ્યુ છે. વરસાદ સાથે પવનના સુસવાટાઓને લઈ પાકને નુકશાન થયુ હોવાનું ખેડૂતોએ જણાવ્યું છે.

પેથાપુર, રાંધેજા અને ઉનાવા પંથકમાં પણ ૨૦ થી ૨૫ મિનિટ સુધી સારો એવો વરસાદ નોંધાયો હતો. એકાએક થયેલા આ વરસાદને કારણે ખેતીને નુકશાન થવા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં ઠેર ઠેર પાણી પણ ભરાઈ જવા પામ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં આ ચોમાસાની સિઝન દરમ્યાન ૭૦ ટકા જેટલો વરસાદ થયો છે. જો કે પાછોતરો વરસાદ સારો થયો છે અને તેને કારણે ખેતીને અંદાજે રૂ. બે કરોડ જેટલુ નુકશાન થયાના પ્રાથમિક અંદાજો છે.

# ગાંધીનગરમાં ડેન્ગ્યુના વધુ બે કેસ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાંથી ગઈકાલે ડેન્ગ્યુના નીકળેલા ૩ કેસ બાદ આજે વધુ બે કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠયું છે. જો કે આજે નોંધાયેલા બંને કેસ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે પણ તંત્રએ ઉભી થઈ રહેલી પરિસ્થિતિને ગંભીરતાથી લઈ જરુરી કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે ઈન્ફોસીટી વિસ્તારમાંથી તેમજ એક સરગાસણ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. આ બંને નોંધાયેલા દર્દીઓની ઉંમર ૨૨ થી ૨૫ વર્ષની હોવાનું જાણવા મળેલ છે.

ગઈકાલે નોંધાયેલા ૩ અને આજે નોંધાયેલા વધુ બે કેસને ધ્યાને લેતાં શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ કેસ ડેન્ગ્યુના નોંધાયા છે. તંત્રએ દર્દીઓ અંગેની વિગતો મેળવી અને દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં વધતા જતા ભેજને કારણે મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ હોવાનું જણાતાં તંત્રની ચિંતામાં વધારો થયો

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા તોફાની બનશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની સોમવારે મળનારી સામાન્ય સભાની બેઠક તોફાની બની રહે તેવી સંભાવનાઓ છે.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલના અધ્યક્ષસ્થાને પંચાયતના સરદાર હોલમાં બપોરે ૧ વાગે મળનારી આ બેઠકનું રાજકીય મહત્વ પણ વધી જવા પામ્યું છે. વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે પંચાયતની આ સામાન્ય સભામાં વિપક્ષે સત્તાધારી પક્ષને ઘેરવા માટેની પુરતી તૈયારીઓ કરી લીધી છે. તો કોંગ્રેસ પક્ષમાં પણ આંતરિક જૂથબંધીની લડાઈ તીવ્ર બની હોવાથી આ સામાન્ય સભામાં તેના પડઘા જોવા મળે તેમ રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

જિલ્લા પંચાયતની સામાન્ય સભાની શરૂઆત પ્રશ્નોત્તરીના સમયથી થતો હોય છે. ૧૫ જેટલા

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં પુન: પોસ્ટર વોર શરૂ

**સંજય જોષીની તરફેણમાં લાગેલા પોસ્ટર પછી તપાસ થઈ હતી છેવટે મોવડીઓની દરમ્યાનગીરીથી અટકી ગયા હતા, પોસ્ટરો માટે હવે ચૂંટણી પંચ મેદાનમાં આવશે**

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતની રાજકીય પાર્ટીઓ વચ્ચે ફરી એકવાર પોસ્ટર વોર શરૂ થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારના વિરોધમાં લાગેલા પોસ્ટર્સ બાદ હવે ભાજપના ખાસ કરીને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વિરોધ કરતા પોસ્ટર્સ લાગ્યા છે.

ભાજપમાંથી સંજય જોષીને ખસેડી લેવામાં આવ્યા ત્યારે પણ અમદાવાદ અને દિલ્હીમાં પોસ્ટરો લાગ્યા હતા. આ વિવાદ એટલે સુધી વકર્યો હતો કે ભાજપના મોવડીમંડળે દરમ્યાનગીરી કરવી પડી હતી અને સંજય જોષીએ સ્પષ્ટતા પણ કરી હતી કે આ પોસ્ટર કોણે લગાવ્યા છે તેની મને ખબર નથી.

અમદાવાદમાં કોંગ્રેસની ઓફિસ નજીક ઠેરઠેર લાગેલા નરેન્દ્ર મોદીના પોસ્ટર્સે ભારે ચર્ચા પેદા કરી છે. પોસ્ટરમાં મોદીને અવસરવાદી નેતા તરીકે ચિતરવામાં આવ્યા છે. મોદી ખુરશી માટે ક્યારેક હિન્દુત્વનો મુખોટો પહેરે છે તો ક્યારેક સદભાવના મિશન છેડે છે. પોસ્ટર લગાવાયા છે પરંતુ કોઈનું નામ નથી. અમદાવાદમાં પ્રિતમનગર, ગુજરાત કોલેજ રોડ અને કોંગ્રેસ ઓફિસ નજીક આ પોસ્ટર્સ લાગ્યા છે.

ના હિન્દુત્વ કા... ના સદભાવના કા... યે ખેલ હે ખુરશી કા... આ પ્રકારના શબ્દો ફોટા સહિત દર્શાવાયા છે.

● અનુસંધાન પાન-૭ પર


